# ૧૦. વિવિધ સમિતિઓ અને વિભાગના અહેવાલ - શૈ.વર્ષ – ૨૦૨૦-૨૧

## ૧૦.૧. વિવિધ સમિતિઓનાં અહેવાલ - શૈ.વર્ષ – ૨૦૨૦-૨૧

### ૧૦.૧.૧ સપ્તધારા સમિતિનો અહેવાલ - શૈ.વર્ષ:૨૦૨૦-૨૦૨૧

પ્રા.ડો. નિમુબેન ચૌધરી – અધ્યક્ષ, સપ્તધારા સમિતિ

આજદિન પહેલાના માનવ ઇતિહાસમાં ક્યારેય ન બન્યુ હોય એટલું વિજ્ઞાન અને ટેકનોલોજીનો અમાપ વિકાસ સમગ્ર વિશ્વભરમાં દષ્ટિપાત કરીએ તો અનુભવી શકીએ છીએ કે મોટાપાયે માનવ બુધ્ધિનું સ્થળાંતર અને સાથે જ વિશ્વ એક ગામડામાં પરિવર્તન થઇ રહ્યુ છે. ભારત વૈશ્વિક મહાશક્તિ અને વિશ્વનું પથદર્શક રાષ્ટ્ર બનવા જઇ રહ્યુ છે ત્યારે આપણા સૌની સ્વાભાવિકજ ફરજ બને છે કે આપણા રાજ્યનો દરેક નાગરિક તેની બહુવિધ ક્ષમતા સાથે દરેક ક્ષેત્રમાં નેતૃત્વ કરવા માટે યોગ્ય અને સજ્જ હોય.

ગુજરાતનો વિદ્યાર્થી વધુ સજ્જતા કેળવે, તેનામાં રહેલી કુદરતી શક્તિઓ અને પ્રવર્તમાન વૈશ્વિક સ્પર્ધાના સંસારમાં એ વધુ બળવત્તર બની શકે તે માટે ભારત અને ગુજરાત સરકાર સહિત ઉચ્ચ શિક્ષણશ્રીની કચેરી ગાંધીનગર સતત ચિંતન અને મનન કરતી રહે છે. સને ૨૦૦૯માં માનનીય મુખ્યમંત્રીશ્રી, શિક્ષણમંત્રીશ્રીઓ, રાજ્ય અને શિક્ષણ વિભાગના ઉચ્ચત્તમ પદાધિકારીઓ, તમામ વિશ્વ વિદ્યાલયોના માન.કુલપતિશ્રીઓ, શિક્ષણશાસ્ત્રીઓ, અધ્યાપકો અને વિદ્યાર્થીઓના વિચારમંથનને અંતે યુવાનોના સર્વાંગીણ વિકાસ માટેનું ઉતકૃષ્ટ અભિયાન નક્કી કરવામાં આવ્યું હતુ. ઉચ્ચશિક્ષણ ક્ષેત્રે નવી નીતિઓ, યોજનાઓ અને પ્રચંડ પુરૂષાર્થ વડે વિદ્યાર્થીઓમાં નવુ ઓજસ પાથરવા માટે નવી ચેતના, નવા-નવા બદલાવ દ્વારા સમગ્ર સમાજ ઘડતરનો ઉમદા પ્રયાસ એટલે **'સપ્તધારા'**

યુવાનોના સર્વાંગીણ વિકાસને "શિક્ષણ, કલા અને જ્ઞાન"ના ત્રિવેણી સંગમ થકી વિવિધ સ્વરૂપો દ્વારા વિદ્યાર્થીઓના ભાવિ ને ઉજાગર કરવા સને:૨૦૦૯ થી જ્ઞાનની સાતધારાઓ એટલે કે 'સપ્તધારા'ની શરૂઆત કરવામાં આવી. 'સપ્તધારા' યોજના વિદ્યાર્થીના બહુમુખી વ્યકતિત્વને ઘડવા અને એનામાં રહેલી અભિવ્યક્તિ ક્ષમતાને પ્રોત્સાહિત કરે છે. દરેક વિદ્યાર્થી પાસે કંઇક આગવી શક્તિ હોય છે. તેમની સુસુપ્ત શકતિઓને જાગૃત કરી વિકાસને પ્રેરિત કરે એવા પ્રયાસો કોલેજ કક્ષાએથી કરવામાં આવે છે. અને વધુ ને વધુ વિદ્યાર્થીઓ વિવિધ પ્રવૃતિઓમાં જોડાય એવા સૌના સહિયારા પ્રયત્નો રહે છે.આખા ગુજરાતનો યુવાવર્ગ સપ્તધારાની સરગમથી વૈવિધ્યવતી એકતાનો અનુભવ કરે. સાંસ્કૃતિક આદાન-પ્રદાન થાય તે ખૂબ જરૂરી છે.

વિદ્યાર્થીઓની જીવન પ્રત્યેની દૃષ્ટિ વિશાળ બને તે સમાજ, રાષ્ટ્ર અને માનવજાત પ્રત્યેના રૂણને સ્વીકારતો થાય અને તે પ્રત્યે સભાનતા કેળવે, સાંસ્કૃતિક તેમજ સામાજિક વારસાને સમજવાની, વિકસાવવાની અને તેના મૂલ્યોને આત્મસાત કરે, જ્ઞાન અને પ્રજ્ઞાન સુધી પહોંચી ઉત્તમ નાગરિક બનવા તે હંમેશા પ્રયત્નશીલ રહે, વૈજ્ઞાનિક અભિગમ કેળવી, શિક્ષણની મૂળ વિભાવનાની સમજ પ્રાપ્ત કરી વિવિધ અવસરો થકી તે પોતાના વ્યકતિત્વ વિકાસ થકી સમાજ, રાષ્ટ્ર અને વિશ્વનું ચિંતન કરતો થાય એ ખૂબ જરૂરી છે આ હેતુને સિધ્ધ કરવા માટે વિદ્યાર્થી જ્ઞાનની આરાધના અને પ્રક્રિયામાં જોડાય તે આશયથી  કોલેજ કક્ષાએ  સાતેય જ્ઞાનની શાખાઓની રચના IQAC કમિટી અને તે દ્વારા આચાર્યશ્રીના નિર્દેશન તેમજ અધ્યક્ષપણા હેઠળ  જે અધ્યાપકને જે ધારામાં રસ હોય તે રસને ધ્યાનમાં લઇ એમના કૌશલ્ય અનુરૂપ ઓછામાં ઓછા બે વિદ્યાર્થી પ્રતિનિધિ સહિત તેમની કુશળતાને આધારે દરેક ધારા જેમકે જ્ઞાનધારા, ગીત-સંગીત નૃત્યધારા, રંગકલા કૌશલ્ય ધારા, સર્જનાત્મક અભિવ્યક્તિ ધારા, નાટ્ય ધારા, સામુદાયિક સેવાધારા, વ્યાયામ, યોગ ખેલકૂદ ધારા અંતર્ગત પ્રતિવર્ષ એક કાર્યચાલક સમિતિની રચના કરવામાં આવે છે. સમગ્ર વર્ષ દરમિયાન જે તે ધારા હેઠળ વિવિધ કાર્યક્રમો આયોજિત કરવામાં આવે છે. વિધવિધ સ્પર્ધા, ઉત્સવની ઉજવણીનો ભાવ કેળવાય અને તે સાથે વધુમાં વધુ વિદ્યાર્થીઓ વ્યક્તિત્વ વિકાસની પ્રક્રિયામાં સહભાગી બને તે માટે દરેક કમિટિ સતત પ્રયત્નશીલ રહે છે. વિદ્યાર્થીઓમાં વકતૃત્વ કલા, લેખન કૌશલ્ય, કલ્પના શક્તિ, હસ્ત કૌશલ્ય, તેમના રહેલી આંતરશક્તિને અભિવ્યક્ત કરવાનો અવસર વિદ્યાર્થીઓની ભાવિ કારકિર્દીને ઉજ્જવળ બનાવવા માટે સતત પ્રયત્નશીલ રહેતા  અને ઉત્સાહી એવા  કોલેજના આચાર્યશ્રી ડૉ.એસ.એમ.પટેલની રાહબરી હેઠળ વિવિધ કાયક્રમોનું  આયોજન કરવામાં આવે છે.

સમગ્ર વર્ષ દરમિયાન જુદી જુદી ધારા અંતર્ગત વિવિધ પ્રવૃતિઓ જેમકે વિશ્વયોગ દિવસ, પર્યાવરણ દિવસ, વૃક્ષારોપણ, વિવિધ મહાનુભાવોની જન્મ જયંત્તિ જેમકે વિશ્વ મહામાનવ અને અહિંસાના પૂજારી પૂજ્ય મહાત્મા ગાંધી, લાલ બહાદુર શાસ્ત્રી, લોખંડી પુરૂષ સરદાર વલ્લભાઇ પટેલ, શિક્ષણ જગતના સરતાજ ડૉ.સર્વપલ્લી રાધાકૃષ્ણન્, અટલબિહારી વાજપેયી, યુવાનોના પ્રેરણાસ્ત્રોત સ્વામી વિવેકાનંદ, બંધારણના ઘડવૈયા ડૉ.બાબા સાહેબ આંબેડકર, પરાક્રમી નેતાજી સુભાષચંદ્ર બોઝ, કવિ નર્મદ, રાષ્ટ્રીય કવિ ઝવેરચંદ મેઘાણી તેમજ સ્વાતંત્ર્ય દિન, પ્રજાસત્તાક પર્વ, બંધારણ દિવસ, મતદાતા દિવસ, મહિલા દિવસ, રાષ્ટ્રીય યુવા દિન, સદભાવના દિવસ અને સાફ-સફાઇડે, રમત-ગમત દિવસ, ક્વિઝ, વકતૃત્વ, ચિત્રસ્પર્ધા, નાટય વગેરેનું આયોજન કરવામાં આવે છે.શૈક્ષણિક વર્ષ:૨૦૨૦-૨૦૨૧ દરમિયાન થયેલ પ્રવૃતિની  એક ઝલક નીચે મુજબ.

## શૈક્ષણિક વર્ષ : ૨૦૨૦–૨૦૨૧ સપ્તધારા સમિતિ

| જ્ઞાનધારા | | | |
|---|---|---|---|
| ક્રમ | અધ્યાપક / વિદ્યાર્થી સભ્યનું નામ | વર્ગ / રોલ નં. | મોબાઇલ નંબર |
| 1 | પ્રા.નીમુબેન સોમાભાઈ ચૌધરી | અધ્યક્ષ-ઇતિહાસ | 99256 96076 |
| 2 | પ્રા. મનિષાબેન આર. જોગીયા | ઉપાધ્યક્ષ- હિન્દી | 98243 22689 |
| ગીતસંગીત નૃત્યધારા | | | |
| ક્રમ | અધ્યાપક / વિદ્યાર્થી સભ્યનું નામ | વર્ગ / રોલ નં. | મોબાઇલ નંબર |
| 1 | પ્રા. યોગેશભાઈ એન. ટંડેલ | અધ્યક્ષ–સંસ્કૃત | 9978764636 |
| 2 | પ્રા.ખુમરાજ કે મહેતા | ઉપાધ્યક્ષ- અર્થશાસ્ત્ર | 7858664216 |
| સર્જનાત્મક અભિવ્યક્તિધારા | | | |
| ક્રમ | અધ્યાપક / વિદ્યાર્થી સભ્યનું નામ | વર્ગ / રોલ નં. | મોબાઇલ નંબર |
| 1 | પ્રા. મીનાક્ષીબેન આર. પટેલ | અધ્યક્ષ - ગુજરાતી | 98797 45061 |
| 2 | પ્રા. ચેતનાબેન પટેલ | ઉપાધ્યક્ષ | 96879 43050 |
| રંગ – કલા કૌશલ્યધારા | | | |
| ક્રમ | અધ્યાપક / વિદ્યાર્થી સભ્યનું નામ | વર્ગ / રોલ નં. | મોબાઇલ નંબર |
| 1 | પ્રા.દિનાબેન એમ.પટેલ | અધ્યક્ષ-મનોવિજ્ઞાન | 94274 87224 |
| 2 | પ્રા. પારુલબેન ટી. ચૌધરી | ઉપાધ્યક્ષ- હિન્દી | 9913540047 |
| સમુદાય સેવાધારા | | | |
| ક્રમ | અધ્યાપક / વિદ્યાર્થી સભ્યનું નામ | વર્ગ / રોલ નં. | મોબાઇલ નંબર |
| 1 | પ્રા.સુનિલભાઈ એમ. જાદવ | ઉપાધ્યક્ષ | 99133 18094 |
| 2 | પ્રા.જમનાબેન એન. પટેલ | અધ્યક્ષ–ગુજરાતી | 94268 47187 |
| નાટ્યધારા | | | |
| ક્રમ | અધ્યાપક / વિદ્યાર્થી સભ્યનું નામ | વર્ગ / રોલ નં. | મોબાઇલ નંબર |
| 1 | પ્રા.જયશ્રીબેન એસ. પટેલ | અધ્યક્ષ | 97247 00789 |
| 2 | પ્રા. ચીમનભાઇ એમ. ચૌધરી | ઉપાધ્યક્ષ | 9712374995 |
| વ્યાયામ, યોગ, ખેલકૂદધારા | | | |
| ક્રમ | અધ્યાપક / વિદ્યાર્થી સભ્યનું નામ | વર્ગ / રોલ નં. | મોબાઇલ નંબર |
| 1 | પ્રા. બીપીનચંદ્ર એસ. પટેલ | અધ્યક્ષ | 99254 78498 |
| 2 | પ્રા.સુનિલભાઈ એમ. જાદવ | ઉપાધ્યક્ષ | 99133 18094 |

## ૧. જ્ઞાનધારા:

૧. તા.૦૭/૦૯/૨૦૨૦,સોમવાર, સપ્તધારા અન્વયે જ્ઞાનધારા અંતર્ગત ડૉ.સર્વપલ્લી રાધાકૃષ્ણના જન્મ દિવસ નિમિત્તે ઓનલાઈન માઈક્રોસોફ્ટ ટીમ એપની મદદથી શિક્ષકદિનની ઉજવણી કરાઈ જેમાં ૧૭ વિદ્યાર્થીઓ સહભાગી બન્યા હતા.

૨. તા.૧૪/૦૯/૨૦૨૦ને સોમવારનારોજ સપ્તધારા અંતર્ગત જ્ઞાનધારા અને હિન્દી વિભાગના સંયુક્ત ઉપક્રમે આચાર્યશ્રી ડૉ.એસ.એમ.પટેલ સાહેબના માર્ગદર્શન હેઠળ "હિન્દી દિવસની" ઉજવણી કરવામાં આવી.


૩. તા.૦૫/૧૦/૨૦૨૦,સોમવાર, સપ્તધારા અન્વયે જ્ઞાનધારા અંતર્ગત ઉત્સાહી વિદ્યાર્થીઓ દ્વારા "આંતરાષ્ટ્રીય શિક્ષકદિન" ઓનલાઈન માઈક્રોસોફ્ટ ટીમ એપના માધ્યમથી ઉજવણી કરાઇ.


૪. તા.૨૭/૧૦/૨૦૨૦, મંગળવાર થી તા.૩૧/૧૦/૨૦૨૦ શનિવાર સપ્તધારા અન્વયે જ્ઞાનધારા અંતર્ગત સરદાર પટેલ જન્મ જયંતી નિમિત્તે ક્વીઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતુ.

૫. તા.૦૯/૦૧/૨૦૨૧,ને શનિવારથી થી તા.૧૨/૦૧/૨૦૨૧ને મંગળવાર સુધી જ્ઞાનધારા અંતર્ગત સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીના ભાગ સ્વરૂપે "UPSC/GPSC , quiz-1" નું આયોજન કરવામાં આવ્યુ હતુ.

૬.તા.૨૯/૦૯/૨૦૨૦, મંગળવાર, વિઝિટિંગ લેકચરર,ડિપાર્ટમેન્ટ ઑફ હિસ્ટ્રી ભાવનગર યુનિવર્સિટી ભાવનગરના પ્રા.ડૉ. ગિરિશભાઈ વાઘેલાએ "ગાંધીજી અને દક્ષિણ આફ્રિકા" વિષય પર ગૂગલ મીટના માધ્યમથી ઓનલાઈન વ્યાખ્યાન આપ્યું હતું.








તા.૨૯/૦૯/૨૦૨૦, મંગળવાર “ગાંધીજી અને દક્ષિણ આફ્રિકા” વિષય પર ગૂગલ મીટના માધ્યમથી ઓનલાઈન વ્યાખ્યાન આપતા પ્રા.ડૉ.ગિરિશભાઈ વાઘેલા

## ૨. ગીતસંગીત નૃત્યધારા:

૧. તા.૨૧/૧૦/૨૦૨૦ બુધવારથી તા.૩૧/૧૦/૨૦૨૦ શનિવાર સુધી ગુજરાતની આગવી ઓળખ નવરાત્રીના પાવન પર્વ નિમિત્તે સાંસ્કૃતિક સમિતિ અને ગીત સંગીત નૃત્યધારા અંતર્ગત “આંતર કોલેજ ગરબાગાન અને ટ્રેડિશનલ નવરાત્રી ગરબા સ્પર્ધા”નું આયોજન કરવામાં આવ્યું હતુ.

## ૩. સર્જનાત્મક અભિવ્યક્તિધારા:

૧. તા.૦૮/૦૧/૨૦૨૧ થી ૧૨/૦૧/૨૦૨૧, સર્જનાત્મક અભિવ્યક્તિ ધારા અંતર્ગત “આંતર કોલેજ નિબંધ લેખન”નું આયોજન કરવામાં આવ્યું હતુ.



## ૪. રંગકલા-કૌશલ્ય ધારા:

૧. તા. ૦૪/૧૨/૨૦૨૦ થી ૦૫/૧૨/૨૦૨૦, રંગકલા કૌશલ્ય ધારા અંતર્ગત આંતર કોલેજ ઓનલાઇન ચિત્ર સ્પર્ધા નું આયોજન કરવામાં આવ્યુ હતુ.


## ૫. સમુદાય સેવાધારા:


૧. તા.૨૬/૦૮/૨૦૨૦, બુધવાર નારી સમાનતા દિવસ નિમિત્તે કોલેજ કેમ્પસમાં વૃક્ષારોપણ કાર્યક્રમ હાથ ધરાયો હતો

૨. તા.૦૯/૦૯/૨૦૨૦,બુધવાર,IQAC અને પરીક્ષા સુધારણા સમિતિના સંયુક્ત ઉપક્રમે શૈક્ષણિક વર્ષ:૨૦૧૯-૨૦૨૦ની સેમેસ્ટર:૬ ની ઓફલાઈન શરૂ થતી પરીક્ષાને ધ્યાનમા લઈ ""કોવિડ-૧૯ વૈશ્વિક મહામારીના સમયમાં વિદ્યાર્થીઓએ પરીક્ષામાં રાખવાની સાવચેતી" વિષય સંદર્ભે ડૉ.નીરવભાઈ ચિંતુબા છાંયડો હોસ્પિટલ ખેરગામના તબીબે ગૂગલ મીટના માધ્યમથી ઓનલાઈન વેબિનાર સંદર્ભે વ્યાખ્યાન આપ્યું હતુ.


સ્વાગત તથા પરિચય આપતા આચાર્યશ્રી ડૉ. એસ.એમ પટેલ






૩. તા.૧૧/૦૧/૨૦૨૧ સોમવારના રોજ IQAC અને કાઉન્સીલીંગ સેલ અંતર્ગત "નેશનલ હ્યુમન ટ્રાફિકીંગ અવેરનેશ ડે"ની ઉજવણીના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતુ. જેમાં વક્તા તરીકે કલરિયા આઉટપોસ્ટ દાભેલ, દમણ (U.T) માં P.S.I. તરીકે ફરજ બજાવતા હિરલબેન નવીનચંન્દ્ર પટેલે ગુગલ મીટના માધ્યમથી વિષયના અનુંસંધાને  વ્યાખ્યાન આપતા જણાવ્યું હતું કે "હ્યુમન ટ્રાફીકીંગ (માનવ તસ્કરી) શું છે? તેના કારણો, તે કઈ રીતે ઉદ્દભવે છે તેમજ માહિલાઓ અને બાળકો સાથે કઈ રીતે ખોટો વ્યવહાર થાય છે. આ અપરાધ નિવારણ માટે તથા તેના  નિયંત્રણમાં લાવવાના ઉપાયો જણાવ્યા હતાં. તેમજ કાયદાની જોગવાઈનો પરિચય આપી, માનવ તસ્કરીનો ભોગ બનનાર વ્યક્તિનાં પુનઃ વસન માટેની કાર્યરત સંસ્થા અંગે વિસ્તૃત માહિતી આપી હતી."











દિવ્ય ભાસ્કર નવસારી 21-01-2021

**ખેરગામમાં યુવાઓને હ્યુમન ટ્રાફિકીંગ તસ્કરી અંગે ઓનલાઈન માર્ગદર્શન**

ખેરગામ | ખેરગામ સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજમાં IQAC અને કાઉન્સેલિંગ સેલ અંતર્ગત આચાર્ય ડો. એસ.એમ. પટેલના અધ્યક્ષપદે 'નેશનલ હ્યુમન ટ્રાફિકીંગ અવેરનેશ ડે'માં વક્તા તરીકે કલરિયા આઉટપોસ્ટ દાભેલ, દમણ (U.T)માં PSI તરીકે ફરજ બજાવતા હિરલબેન નવિનચંદ્ર પટેલે સોશિયલ મીડિયાના માધ્યમથી વિષયના અનુસંધાને વ્યાખ્યાન આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે 'હ્યુમન ટ્રાફિકીંગ (માનવ તસ્કરી) શું છે ? તેના કારણો, તે કઈ રીતે ઉદભવે છે તેમજ મહિલાઓ અને બાળકો સાથે કઈ રીતે ખોટો વ્યવહાર થાય છે. આ અપરાધ નિવારણ માટે તથા નિયંત્રણમાં લાવવાના ઉપાયો જણાવ્યા હતા તેમજ કાયદાની જોગવાઈનો પરિચય આપી, માનવ તસ્કરીનો ભોગ બનનાર વ્યક્તિનાં પુનઃવસન માટેની કાર્યરત સંસ્થા અંગે વિસ્તૃત માહિતી આપી હતી. આ વેબિનારનો ઉદેશ ભારતનાં ભાવિ નાગરિકો એવા વિદ્યાર્થીઓને આ બાબતની જાણકારી હોવી અતિ આવશ્યક છે. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં પ્રા.જીગરભાઈ પરમાર અને પ્રા.દિનાબેન પટેલે જહેમત ઉઠાવી હતી.

૪. તા.30/03/૨૦૨૧ને મંગળવારના રોજ રાષ્ટ્રીય સેવા યોજના (NSS) વિભાગ અને સેવા સમુદાય ધારાના સંયુક્ત ઉપક્રમે આચાર્યશ્રી ડૉ. એસ. એમ. પટેલના અધ્યક્ષપણા હેઠળ અત્રેની કૉલેજમાં છેલ્લા પાંચ વર્ષથી NSS પ્રોગ્રામ ઓફિસર તરીકે ફરજ બજાવતા કોમર્સ વિભાગના પ્રા. સુનિલભાઈ એમ. જાદવ તથા સંસ્કૃત વિષયમાં ફરજ બજાવતા નવનિયુક્ત પ્રોગ્રામ ઓફિસર પ્રા. યોગેશકુમાર એન. ટંડેલ અને ગુજરાતી વિષયમાં ફરજ બજાવતા પ્રા. જમનાબેન પટેલના માર્ગદર્શન હેઠળ એક દિવસીય વાર્ષિક ખાસ શિબિર કૉલેજ કેમ્પસના પટાંગણમાં આયોજન કરવામાં આવ્યું હતું.

## ૬. નાટ્યધારા:

૧. તા.03/૧૨/૨૦૨૦, નાટ્યધારા અંતર્ગત "આંતર કોલેજ નાટ્ય સ્પર્ધા"નું આયોજન કરવામાં આવ્યું હતું.

## ૭. વ્યાયામ, યોગ, ખેલકૂદધારા:

રમત અને શારીરિક પ્રવૃત્તિ એ શારીરિક ગતિવિધિ છે. જે પ્રતિયોગી સ્વભાવના કૌશલ વિકાસમા મદદ કરે છે. સામાન્ય રીતે બે કે વધુ સમુહ એક બીજા સાથે મનોરંજન કે ઇનામ પ્રાપ્ત કરવા માટે એકબીજા સાથે પ્રતિસ્પર્ધા કરે છે. યુવાન અને યુવતી બંને માટે રમત ગતિવિધિઓને પ્રોત્સાહન આપવાની જરૂર છે. કારણ કે આ એક વ્યક્તિની શારીરિક, માનસિક સ્વાસ્થ્ય, નાણાકીય સ્થિતિને પ્રોત્સાહિત કરે છે. શારિરીક શિક્ષણ અને રમત, નાગરિકોના ચરિત્ર અને સ્વાસ્થ્ય તંદુરસ્ત રાષ્ટ્રને મજબુતી પ્રદાન કરવામાં મહત્વની ભુમિકા ભજવે છે. રમત-ગમત મનુષ્યમાં  કાર્ય કરવાની રીત અને ગતિમાં સક્રિયતા લાવે છે. સ્વાસ્થ્ય, ધન અને રાષ્ટ્રના નિર્માણમાં રમતની ભૂમિકા મહત્વની છે.

રમતનું મહત્વ અને ભૂમિકાને કોઈના દ્વારા પણ નજર અંદાજ કરી શકાય તેમ નથી. વાસ્તવમાં ખેલકૂદ ખુબ જ મહત્વપૂર્ણ વિષય છે. લોકો પોતાના વ્યક્તિગત વિકાસ સાથે જ

વ્યવસાયિક વિકાસ સાધવા માટે રમત-ગમતની ગતિવિધિઓમાં સામેલ થઇ શકે છે. આ યુવક અને યુવતીઓ બંને માટે સ્વસ્થ શરીરનાં નિર્માણ, લોકોને માનસિક રૂપે સતર્ક, શારીરિક રૂપથી સક્રિય અને વધુ લાભકારી થઇ શકે તેમ છે. તેઓ વધુ અનુશાસિત, સ્વસ્થ, સક્રિય, સમયનિષ્ઠ બની શકે છે અને સહેલાઇથી વ્યક્તિગત અને વ્યવસાયિક જીવનમાં કોઇપણ પ્રકારની મુશ્કેલીનો સામનો કરી શકે છે. રમત-ગમત ચિંતા, તનાવ અને ગભરાટમાંથી બહાર નિકળવામાં મદદ કરે છે.

રમત પ્રવુતિ શરીરના અંગોના શારીરિક કાર્યોને શ્રેષ્ઠ બનાવે છે અને આ રીતે આખા શરીરના કાર્યોને સકારાત્મક રૂપથી નિયંત્રણ કરે છે. રમત સ્વાસ્થ્ય કાયમ રાખવામા મદદ કરે છે અને આ રીતે મન અને મનની શાંતિપુર્ણ, ઝડપી અને સારી એકાગ્રતા સાથે સક્રિય રહે છે. રમત શરીર અને મનની શક્તિ અને ઉર્જાનું સ્તર વધારે છે. આ દરેકના નીરસ જીવનમાં એક સારો બ્રેક આપે છે. રમત ઉજવલ વ્યવસાયિક કેરિયર ધરાવે છે તેથી તેમા રુચિ રાખનારા યુવાઓએ ચિંતા કરવાની જરૂર નથી અને તેમણે ફક્ત સંપુર્ણ લગન સાથે પોતાની આ રુચિને નિયમિત રાખવાની છે. આ ટીમમાં સહયોગ અને ટીમ નિર્માણની ભાવનાના વિકાસ દ્વારા બધાને ટીમમાં કાર્ય કરવાનુ શીખવાડે છે. રમત પ્રત્યે વધુ ખેંચાવ એક વ્યક્તિ અને એક રાષ્ટ્ર બંનેને સ્વસ્થ અને નાણાકીય રૂપથી વધુ મજબુત બનાવે છે. તેથી રમતને માતા-પિતા, શિક્ષક, સમાજ, રાજ્ય અને દેશની સરકાર દ્વારા વધુ પ્રોત્સાહન આપવું જોઇએ.

યોગ અને ખેલકૂદ ધારા સમિતિ દ્વારા સમગ્ર વર્ષ દરમિયાન નિયમિત પ્રવૃત્તિકોલેજમા કરવામાં આવે છે. જેવી કે વિશ્વ યોગ દિવસ વિશ્વ યોગ દિવસ પહેલાં, એક અઠવાડિયાની યોગ તાલીમ વિધાર્થીઓને આપવામાં આવે છે. તેમજ યોગ ના નિષ્ણાત દ્વારા પણ એક દિવસીય તાલીમનું પણ આયોજન કરવામાં આવે છે. વિશ્વ યોગ દિવસ ના રોજ વધારે માં વધારે વિધાર્થીઓ તેમજ કચેરીના સભ્યો વધારેમાં વધારે સહભાગી બને તેવા પ્રયત્ન કરવામાં આવે છે. વિધાર્થીઓને ખેલકુદ પ્રત્યે રુચી વધે તે માટે શારીરિક અધ્યાપક તથા અધ્યાપક ગણ તેમજ આચાર્યશ્રી દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવે છે. સમગ્ર વર્ષ દરમ્યાન અગલ અલગ રમતો જેવી કે કબડ્ડી, ખો-ખો, વોલિબોલ, એથ્લેટિક્સ, ક્રોસ કંટ્રી, હોકી જેવી રમતો માટે પ્રોત્સાહીત કરી વિધાર્થીઓ સહભાગી બને છે.

વિધાર્થીઓ વધારે મા વધારે સહભાગી બને તે માટે વર્ષ દરમ્યાન સેમેસ્ટર પ્રમાણે દ્વિતિય વખત સ્પોર્ટ્સડે ની ઉજવણી કરવામાં છે. હોકી ના જાદુગર તરીકે જાણીતા મેજર ધ્યાનચંદ ની

યાદમાં રાષ્ટ્રીય દિવસ તારીખે ઉજવમાં આવે છે તેમજ બીજા સેમેસ્ટરમાં સ્પોટ્રસવીક ની ઉજવણી કરવામાં આવે છે. જેમા એથ્લેટીક્સ, વોલિબોલ, ક્રિકેટ,કબડ્ડી તેમજ મનોરંજન રમતો નુ આયોજન કરવમા આવે છે.

૧. તા. ૧૬/૦૫/૨૦૨૦ થી ૨૦/૦૫/૨૦૨૦ સુધી Physical Education and IQAC વિભાગ દ્વારા ઓનલાઇન નેશનલ લેવલની ક્વિઝ સ્પર્ધા રાખવામાં આવી હતી.

૨. તા. ૨૧/૦૬/૨૦૨૦ ના રોજ સરકાર શ્રી ના પરિપત્ર પ્રમાણે ઓનલાઇન દ્વારા વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી જેમા સ્પોર્ટ્સના વિધાર્થીઓ. એન.એસ.એસ. ના વિધાર્થીઓ તેમજ અધ્યાપક ગણ દ્વારા ઘરે રહો સુરક્ષિત રહો તેવા હેતુ સાથે મિડિયા પર યોગ તથા આસન કરતા ફોટોગ્રાફ શેર કર્યા હતા.

૩. તા.૨૯/૦૮/૨૦૨૧ ના રોજ લોકડાઉનના કારણે સ્પોર્ટ્સડે તરીકે ઓનલાઇન સ્પોર્ટ્સ ક્વિઝ દ્વારા સ્પર્ધા રાખી વિધાર્થીઓમાં રમત પ્રત્યે ઉમંગ વધે એ હેતુથી આયોજન કરવામાં આવ્યુ હતુ.

૪. તા.૩૧/૦૩/૨૦૨૧ થી તા. ૫/૦૪/૨૦૨૧ સુધી સ્પોર્ટ્સ વીકનું આયોજન કરવામાં આવ્યુ હતુ, જેમા ક્રિકેટ અને વોલિબોલ ભાઇઓની સ્પર્ધાનુ આયોજન કરવમાં આવ્યુ હતુ.

**સ્પોર્ટ્સવીક ફોટો તા.૩૧/૦૩/૨૦૨૧ થી તા.૫/૦૪/૨૦૨૧**

| | |
|---|---|
|  |  |
| **સ્પોર્ટ્સવીક ટ્રોફીઓ** | **આચાર્યશ્રી સાથે ટીમનાં કેપ્ટન** |






વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવતા આચાર્યશ્રી ડૉ.એસ.એમ પટેલ



વિજેતા ટીમ સાથે આચાર્યશ્રી ડૉ.એસ.એમ.પટેલ અને અધ્યાપકશ્રીઓ



વિજેતા ટીમ સાથે આચાર્યશ્રી ડૉ.એસ.એમ.પટેલ અને અધ્યાપકશ્રીઓ





વિજેતા ટીમના કેપ્ટનને ટ્રોફી એનાયત કરતા આચાર્યશ્રી ડૉ.એસ.એમ.પટેલ અને પ્રા. ડી.ઈ. ટેમ્ભરે



વિજેતા ટીમના કેપ્ટનને ટ્રોફી એનાયત કરતા આચાર્યશ્રી ડૉ.એસ.એમ.પટેલ અને અધ્યાપકશ્રીઓ






વિજેતા ખેલાડીઓને શુભેચ્છા પાઠવતા આચાર્યશ્રી ડૉ.એસ.એમ.પટેલ, ટ્રોફી એનાયત કરતા સરકારી આર્ટસ અને કોમર્સ કોલેજ, વાંસદાના આચાશ્રી ડૉ. વાય.જે મિસ્ત્રી તથા અત્રેની કોલેજના અધ્યાપકશ્રીઓ

| Sports Week Celebration Cricket Team | | | | | |
|---|---|---|---|---|---|
| **Sr. No** | **Students Name** | **Year** | **Place** | **Roll NO.** | **Mob. No** |
| 1 | PATEL JAY KUMAR BALAVANTRAY | T.Y.B.COM | Champion | 23 | 7046590178 |
| 2 | PATEL JAYMIN DILIPBHAI | T.Y.B.COM | Champion | 4 | 9712890765 |
| 3 | PATEL PRADIP KUMAR JITENDRABHAI | T.Y.B.COM | Champion | 20 | 7096217660 |
| 4 | PATEL NIKUNJKUMAR ARVINDBHAI | T.Y.B.COM | Champion | 25 | 7046304261 |
| 5 | VALVI RAKESHBHAI KHALPUBHAI | T.Y.B.COM | Champion | 15 | 7623064948 |
| 6 | PATEL NAYAN HITENDRAVHAI | T.Y.B.COM | Champion | 16 | 9574478016 |
| 7 | NAYKA JAYENDRAKUMAR RAMESHBHAI | T.Y.B.COM | Champion | 1 | 9512155306 |
| 8 | CHAMPANERI HARDIK CHHAGANBHAI | T.Y.B.COM | Champion | 10 | 7096427727 |
| 9 | PATEL PRIYANK MAHESHBHAI | T.Y.B.COM | Champion | 27 | 9824839483 |
| 10 | PATEL KRUNAL YOGESHBHAI | T.Y.B.COM | Champion | 24 | 6353321144 |
| 11 | SHETH PARAS PARYANTBHAI | T.Y.B.COM | Champion | 8 | 6354644315 |
| 12 | PATEL ASHISHKUMAR DINESHBHAI | T.Y.B.COM | Champion | 2 | 6355058670 |

| Cricket Team | | | | | |
|---|---|---|---|---|---|
| **Sr. No** | **Students Name** | **Year** | **Place** | **Roll No.** | **Mob.No.** |
| 1 | PATEL HITESHBHAI MAHESHBHAI | S.Y.B.COM | Runnersup | 6 | 9687946889 |
| 2 | PATEL ARPITBHAI MOHANBHAI | S.Y.B.COM | Runnersup | 20 | 9726341710 |
| 3 | PATEL DIVYESHBHAI RAJESHBHAI | S.Y.B.COM | Runnersup | 22 | 8160161605 |
| 4 | PATEL VISHALBHAI DHANSUKHBHAI | S.Y.B.COM | Runnersup | 14 | 6353141518 |
| 5 | PATEL VIKASHBHAI RAKESHBHAI | S.Y.B.COM | Runnersup | 13 | 6353141518 |
| 6 | PATEL PARTHBHAI MANUBHAI | S.Y.B.COM | Runnersup | 25 | 6356997538 |
| 7 | PATEL SIDDHESHBHAI MAHESHBHAI | S.Y.B.COM | Runnersup | 28 | 7573808763 |
| 8 | PATEL RIKULBHAI MANOJBHAI | S.Y.B.COM | Runnersup | 12 | 8141196378 |
| 9 | PATEL KIRTANBHAI MANISHBHAI | S.Y.B.COM | Runnersup | 24 | 9574152034 |
| 10 | AHIR BHARGAVBHAVI MANOJBHAI | S.Y.B.COM | Runnersup | 34 | 8547591397 |
| 11 | PATEL DEVANGBHAI JAYSUKHBHAI | S.Y.B.COM | Runnersup | 5 | 8758176110 |
| 12 | RATHOD DIVYESHBHAI PRAVINBHAI | S.Y.B.COM | Runnersup | 15 | 9727693714 |

# Volleyball Team

| Sr. No. | Students Name | Year | Place | Roll.No. | Mob.No. |
|---|---|---|---|---|---|
| 1 | PATEL CHIRAGKUMAR AMRATBHAI | S.Y.B.A. | Champion | 119 | 7046373021 |
| 2 | PATEL CHETANKUMAR MADHUBHAI | S.Y.B.A. | Champion | 8 | 8140167066 |
| 3 | PATEL KEVALBHAI HARISHBHAI | S.Y.B.A. | Champion | 53 | 9723264889 |
| 4 | PATEL KRUNALKUMAR JAYESHBHAI | S.Y.B.A. | Champion | 96 | 8980504360 |
| 5 | PATEL SANKETBHAI RATANBHAI | S.Y.B.A. | Champion | 147 | 7096604008 |
| 6 | VADU PRITESHBHAI SHUBHASBHAI | S.Y.B.A. | Champion | 145 | 9428918552 |

# Volleyball Team

| Sr. No. | Students Name | Year | Place | Roll.No. | Mob.No. |
|---|---|---|---|---|---|
| 1 | PATEL JAYKUMAR BALVANTRAI | T.Y.B.COM. | Runnersup | 23 | 7046590178 |
| 2 | PATEL VISHALBHAI DHANSUKHBHAI | S.Y.B.COM. | Runnersup | 14 | 6353141518 |
| 3 | PATEL DEVANG JAYSUKHBHAI | S.Y.B.COM. | Runnersup | 5 | 8758176110 |
| 4 | PATEL NIKUNJBHAI JAYESHBHAI | S.Y.B.COM. | Runnersup | | |
| 5 | PATEL KIRTANKUMAR MANISHBHAI | S.Y.B.COM. | Runnersup | 24 | 9574152034 |
| 6 | PATEL TARUNBHAI ASHWINBHAI | F.Y.B.A. | Runnersup | 131 | 6354398903 |

“ વિશ્વાસ એવી શક્તિ છે જે માનવીને જીવિત રાખે છે, વિશ્વાસનો અભાવ જ જીવનનું અવસાન છે”

## ૧૦.૧.૨ રાષ્ટ્રીય સેવા યોજના (N.S.S.)નો અહેવાલ - શૈ.વર્ષ – ૨૦૨૦-૨૧

**પ્રોગ્રામ ઓફિસર**

પ્રા. સુનીલભાઈ એમ. જાદવ
પ્રા. યોગેશકુમાર એન. ટંડેલ
પ્રા. જમનાબેન એન. પટેલ

સમગ્ર વિશ્વમાં આપણા રાષ્ટ્રને અન્ય રાષ્ટ્રોની હરોળમાં વિશિષ્ટ રાષ્ટ્ર બનાવવું હોય તો દેશ શૈક્ષણિક, સાંસ્કૃતિક અને આર્થિક પ્રગતિના પંથે આગળ વધી શકે એવી પ્રવૃત્તિઓ હાથ ધરવી જરૂરી બને છે. રાષ્ટ્રના નવ યુવાનો દ્વારા આ વૈચારિક પગલાને આગળ લઇ જવામાં આવે તો જ આપણે આપણા રાષ્ટ્રને વિશિષ્ટ અને વૈવિધ્યપૂર્ણ બનાવી અન્ય રાષ્ટ્રોની કક્ષામાં પ્રગતિમય બનાવી શકીએ. વિદ્યાર્થીઓનો સતત અને સર્વાંગીણ વિકાસ થઇ શકે એ માટે તેમના દ્વારા દેશની સેવાકીય પ્રવૃત્તિઓ થવી જરૂરી છે. તે માટે આ નવ યુવાનોને *"હું નહિ પણ તમે"* ના સૂત્રને સાકારિત કરતી રાષ્ટ્રીય સેવા યોજનાનું મહત્વ સમજાવવું જરૂરી બને છે.

રાષ્ટ્રીય સેવા યોજનાનું દર્શન સમગ્ર વર્ષ દરમ્યાન નિયમિત અને ખાસ શિબિરની પ્રવૃત્તિના માધ્યમથી થાય છે. જેમકે, શ્રમકાર્ય, પર્યાવરણીય વિકાસ અને સુરક્ષા, ધાર્મિક કાર્ય, સામાજિક કાર્ય, સર્જનાત્મક પ્રવૃત્તિ, સાંસ્કૃતિક પ્રવૃત્તિ, ખેલકૂદ જેવી નિયમિત પ્રવૃતિઓ N.S.S.ની ઓળખ આપે છે. આ પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓમાં તેજસ્વીતા, સર્જનાત્મકતા, તત્પરતા અને તન્મયતા ઉત્પન્ન કરી વિદ્યાર્થીને દેશનો સુસંસ્કૃત નાગરિક બનાવવા તરફના પ્રયત્નો થાય છે. વિદ્યાર્થી તેના સમગ્ર જીવન દરમ્યાન સેવા, બલિદાન અને રાષ્ટ્ર ભાવના વિકસિત કરે અને સમાજ સેવા દ્વારા શિક્ષણ પ્રાપ્ત કરી છેવાડાના માનવીને મદદરૂપ થાય એ ધ્યેય N.S.S. નું હાર્દ છે.

N.S.S.ના યુનિટ દ્વારા સપ્ત દિવસીય કેમ્પનું આયોજન કરવામાં આવે છે, જેમાં પ્રભાતફેરી, યોગાસનો, પ્રાણાયામ, શેરી સફાઈ, શૈક્ષણિક જાગૃતિ, ગ્રામ સંપર્ક, સ્થાનિક સ્થળોની મુલાકાત, રમણીય સ્થળોની મુલાકાત, અંધવિશ્વાસ તથા ભ્રષ્ટાચાર નાબુદી અંગેના નાટકો, ગ્રામસભા, જરૂરતમંદોને યથાયોગ્ય સહાય, ગામ સરવૈયું તથા રમતગમતની પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવે છે. તદુપરાંત પૌઢ શિક્ષણ, રાત્રી કાર્યક્રમ, રાસ-ગરબા, શૈક્ષણિક પ્રવૃત્તિઓ, વિવિધ સ્પર્ધાઓ, ભજન સંધ્યા તથા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા ગ્રામ જાગૃતિ લાવવાના સઘન પ્રયાસો હાથ ધરવામાં આવે છે.

અત્રેની કૉલેજમાં પણ N.S.S.ના સ્વયં સેવકો દ્વારા સમગ્ર વર્ષ દરમ્યાન વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું, જેની વિગત નીચે મુજબ છે.

૧. તા.૧૪/૦૯/૨૦૨૦ ના રોજ રાષ્ટ્રીય સેવા યોજના (N.S.S.) અંતર્ગત *"વિશ્વઅંધજનદિવસ"*નીઉજવણીકરવામાં આવી જેમાં N.S.S.ના સ્વયં સેવકો દ્વારા યથાશક્તિ ફાળો

એકત્રિત કરવામાં આવ્યો. તેમજ વિદ્યાર્થીઓ દ્વારા પોસ્ટર પ્રદર્શનના માધ્યમ વડે જનજાગૃતિ સંદેશ પાઠવવામાં આવ્યો.

૨. તા.૨૬/૦૯/૨૦૨૦થી તા.૦૨/૧૦/૨૦૨૦ સુધી IQAC, REDC, સપ્તધારા, રાષ્ટ્રીય સેવાયોજના (N.S.S.) અને ઈતિહાસ વિભાગના સંયુક્ત ઉપક્રમે ૧૫૧મી મહાત્માગાંધીજી અને ૧૧૬મી લાલબહાદુર શાસ્ત્રીજીની જન્મજયંતિની ઉજવણી નિમિત્તે ક્વીઝ સ્પર્ધા, ઓનલાઈન વ્યાખ્યાન, ગાંધીગીત, ભજન, ધૂન, પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન વગેરે જેવી વિવિધ પ્રવૃતિઓ હાથ ધરવામાં આવી, જેમાં કૉલેજના વિદ્યાર્થીઓ સહભાગી થયા હતા.

૩. તા.૦૧/૧૦/૨૦૨૦ને ગુરૂવારના રોજ N.S.S. વિભાગ અંતર્ગત મહાવિદ્યાલય ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદના ગ્રામીણ અર્થશાસ્ત્ર વિભાગના પ્રો. ડૉ. હસમુખભાઈ જી. દેસાઈ દ્વારા *"ગાંધીજી અને ગ્રામસ્વરાજ"* વિષય પર ગૂગલ મીટના માધ્યમથી ઓનલાઈન વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું, જેનો કૉલેજના વિદ્યાર્થીઓ તથા અધ્યાપકોએ લાભ લીધો હતો.

૪. તા.૦૨/૧૦/૨૦ને શુક્રવારના રોજ *"૧૫૧મી ગાંધીજયંતિ"* અને *"૧૧૬મી લાલબહાદુર શાસ્ત્રી જન્મજયંતિ"* નિમિત્તે ઓનલાઈન ભજન સંધ્યાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં કોલેજનાં ઉત્સાહી વિદ્યાર્થી તથા આધ્યાપકો દ્વારા ગાંધીજીના પ્રિય ભજનો અને ધૂન રજૂ કરવામાં આવ્યાં હતા. એટલુ જ નહી પણ S.Y.B.COM.માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની કુ.દિવ્યા સુભાષચંદ્ર કંસારા અને એમના માતૃશ્રી ફાલ્ગુનીબેન કંસારાએ પણ મધુરસ્વરમાં "રઘુપતિ રાઘવ રાજારામ, પતિતપાવન સીતારામ" ધૂન રજૂ કરી હતી. આ પ્રંસગને કોલેજના આચાર્ય ડૉ.એસ.એમ.પટેલ સાહેબશ્રીએ પોતાનું ઉદ્દબોધન આપતા જણાવ્યુ કે "આજનો દિવસ કોલેજના માટે ખૂબ આંનદ ભર્યો છે કેમકે આ ઓનલાઈન કાર્યક્રમમાં વાલી પણ સહભાગી થયા, એ અમારે મન ગૌરવની વાત છે." તદ્દુપરાંત S.Y.B.A.ની વિદ્યાર્થીની પટેલ દમયંતિએ 'વૈષ્ણવજન તો તેને રે કહીએ' ગાંધીજીના પ્રિય ભજન પર પાવર પોઈન્ટ પ્રેઝેન્ટેશન રજૂ કર્યુ હતું.

૫. તા.૨૦/૧૧/૨૦૨૦ થી તા.૨૯/૧૧/૨૦૨૦ સુધી એસ.વાય.બી.એ. સેમ-૩ માં અભ્યાસ કરતી રાષ્ટ્રીય સેવાયોજના (N.S.S)ની સ્વયંસેવિકા, ગામ વાડ, રાન્ધા ફળિયાના રહેવાસી મનહરભાઈ ઠાકોરભાઈ પટેલ તથા માતા નયનાબેન મનહરભાઈ પટેલ કે જેઓ વ્યવસાયે ખેતમજૂરી કરે છે. તેમની દિકરી કું.દમયંતિબેન પટેલની પ્રિ.રિપબ્લિકડે પરેડ માટે પસંદગી કરવામાં આવતા તેણીએ ૨૦ નવેમ્બર થી ૨૯ નવેમ્બર સુધી હૈદરાબાદ ખાતે આયોજિત પ્રિ.રિપબ્લિક ડે પરેડમાં ભાગ લઈ ખેરગામ કોલેજ અને આદિવાસી વિસ્તારનું અને તાલુકાનું ગૌરવ વધાર્યુ હતું.

૬. તા.૨૬/૧૧/૨૦૨૦ને ગુરૂવારના દિવસે બંધારણ દિવસ, સદ્દભાવના દિવસ, તથા ડૉ.વર્ગીસ કુરિયનના ૯૯ માં જન્મદિન નિમિત્તે N.S.S. દ્વારા *“એક ભારત શ્રેષ્ઠભારત”* અંતર્ગત ઓનલાઈન વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં નાગપુરના વક્તા એડ્વોકેટ શ્રી પ્રકાશ દાર્શનિક દ્વારા બંધારણ દિવસ નિમિત્તે વ્યાખ્યાન રજૂ કરવામાં આવ્યું હતું.

૭. તા. ૦૬/૧૨/૨૦૨૦ ના રોજ N.S.S. અંતર્ગત *“ડૉ.બાબાસાહેબ આંબેડકર અને ભારતીય સંવિધાન”* વિષય સંદર્ભે ગૂગલમીટના માધ્યમથી ઓનલાઈન વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વ્યાખ્યાતા તરીકે ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદથી ડૉ.સંજયભાઈ આર. પટેલે વિષયના અનુંસંધાનમાં વિવિધ ઉદાહરણો આપી ડૉ.બાબાસાહેબ આંબેડકરના જીવન અને ભારતીય સંવિધાન વિષય પર વૈદિકકાળની સામાજીક વર્ણવ્યવસ્થા, સંવિધાન અમલ પહેલાં અને સંવિધાન અમલ બાદની ભારતીય સામાજિક વ્યવસ્થા અને ભારતીય સંવિધાન ઘડવામાં ડૉ.બાબાસાહેબની ભાગીદારી અંગે સચોટ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. વિશેષમાં ભારતીય સંવિધાનનાં આમુખનું વાંચન, ગોળમેજી પરિષદમાં ડૉ.બાબાસાહેબ આંબેડકરનું ભાષણ તેમજ સંવિધાનમાં સમાવિષ્ટ અનુચ્છેદ, ભાગ અને અનુસુચિની ચર્ચા કરી હતી.

૮. તા.૩૦/૧૨/૨૦૨૦ ના રોજ કોલેજમાં અભ્યાસ કરતા F.Y.B.A./B.OM.ના વિદ્યાર્થીઓ માટે N.S.S. અંતર્ગત *“રાષ્ટ્રીય અભિમુખતા કાર્યક્રમ”*નું આયોજન કરવામાં આવ્યું હતુ, જેમાં વિદ્યાર્થીઓએ આચાર્યશ્રી ડૉ.એસ.એમ.પટેલના માર્ગદર્શનનો લાભ લીધો હતો.

૯. તા.૩૧/૧૨/૨૦૨૦ને બુધવારના રોજ N.S.S. અંતર્ગત વી.એસ.પટેલ કોલેજ બીલીમોરા દ્વારા આયોજિત *“રાષ્ટ્રીય અભિમુખતા કાર્યક્રમ”*માં વક્તા તરીકે કૉલેજના આચાર્યશ્રી ડૉ.એસ.એમ.પટેલ સાહેબશ્રીએ માઈક્રોસોફ્ટ ટીમ એપના માધ્યમથી ઓનલાઇન વ્યાખ્યાન રજૂ કર્યું હતું.

૧૦. તા.૧૨/૦૧/૨૦૨૧ને મંગળવારના રોજ રાષ્ટ્રીય સેવા યોજના (N.S.S.) દ્વારા ૧૫૮ મી સ્વામી વિવેકાનંદ જન્મ જયંતિ નિમિત્તે *“રાષ્ટ્રીય યુવાદિવસ”* ના પાવન પર્વની ઉજવણી સંસ્થાના આચાર્યશ્રીના અધ્યક્ષપણા હેઠળ માઈક્રોસોફ્ટ ટીમ એપ.ના માધ્યમથી કરવામાં આવી હતી, જેમાં કૉલેજના વિદ્યાર્થીઓ તથા અધ્યાપકોએ ઉત્સાહ પૂર્વક ભાગ લઈ સ્વામી વિવેકાનંદના ઉમદા વિચારોની જ્ઞાન ગંગા વહાવી જીવનનો મર્મ સમજાવ્યો હતો. પટેલ અંજલીએ ‘સ્વામી વિવેકાનંદના જીવન અને બાળપણ’, પટેલ મહેશ્વરીએ ‘રામકૃષ્ણ મઠ અને મિશન’ તથા શર્મા મોહિનીએ ‘યુવાનોના પ્રેરણા સ્રોત સ્વામી વિવેકાનંદ’ વિષય ઉપર પોતાના વિચારો રજૂ કરી સ્વામીજી પ્રત્યેનો પોતાનો પ્રેમ ઉજાગર કર્યો હતો.

૧૧. તા.૨૫/૦૧/૨૦૨૧ને સોમવારના રોજ રાષ્ટ્રીય સેવા યોજના (N.S.S.) અને મામલતદારશ્રીની કચેરી ખેરગામના સંયુક્ત ઉપક્રમે *"રાષ્ટ્રીય મતદાતા દિવસ"*ની ઉજવણી કરવામાં આવી હતી, જે નિમિત્તે મામલતદારશ્રીની કચેરી, ખેરગામથી મદદનીશ ચૂંટણી અધિકારી, નાયબ મામલતદારશ્રી સેહુલભાઈ પટેલ, નાયબ મામલતદારશ્રી નિલેશભાઈ એ. પટેલ (મતદાર યાદી) અને તેમની ટીમ, ભુતપૂર્વ વિદ્યાર્થી સ્નેહલ પટેલ,P.R.D. પરેડની સિલેક્ટેડ વિદ્યાર્થીની દમયંતી પટેલ, F.Y.B.A./B.COM.ના વિદ્યાર્થીઓ અને અધ્યાપકગણની ઉપસ્થિતિમાં "ચાલો રાષ્ટ્રીય મતદાતા દિવસ મનાવીએ, સાથે મળીને લોકશાહીને સુદ્રઢ બનાવીએ" સૂત્રને સાકારિત કરતા '૧૧માં રાષ્ટ્રીય મતદાતા દિવસ' કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

૧૨. તા.૦૮/૦૩/૨૦૨૧ થી તા.૧૬/૦૩/૨૦૨૧ દરમ્યાન અત્રેની કૉલેજની S.Y.B.A.માં અભ્યાસ કરતી N.S.S.ની બેસ્ટ લીડર વિદ્યાર્થીની દમયંતિબેન મનહરભાઇ પટેલે *"રાષ્ટ્રીય એકતા પરિષદ"*માં ઉત્તરપ્રદેશ ખાતે શિબિરમાં સહભાગી બની કોલેજનું ગૌરવ વધાર્યુ હતું.

૧૩. તા.૨૩/૦૩/૨૦૨૧ સોમવારના રોજ રાષ્ટ્રીય સેવા યોજના(N.S.S.) અને ઈતિહાસ વિભાગના સંયુક્ત ઉપક્રમે આચાર્યશ્રી ડૉ. એસ.એમ.પટેલના અધ્યક્ષપણા હેઠળ *"શહીદ દિન"* નિમિત્તે માતૃભૂમિની સ્વતંત્રતા ખાતર પોતાના પ્રાણની આહુતિ આપનાર વીર ભગતસિંહ, રાજગુરૂ અને સુખદેવના જીવનમાંથી રાષ્ટ્રપ્રેમ તથા રાષ્ટ્રભક્તિ અદા કરે એ હેતુથી N.S.S.ના સ્વયંસેવક લીડર જય પટેલ, દમયંતિ પટેલ, ભૂતપૂર્વ N.S.S. બેસ્ટ લીડર તથા સ્ટેટ લેવલ એવોર્ડ વિજેતા સ્નેહલ પટેલ અને અન્ય વિદ્યાર્થીઓ તેમજ પ્રોગ્રામ ઓફિસર પ્રા.સુનિલભાઈ એમ.જાદવ, ઈતિહાસ વિભાગના પ્રા.ડૉ.નીમુબેન એસ.ચૌધરીએ ખેરગામ દશેરા ટેકરી સ્થિત પૂજ્ય મહાત્મા ગાંધીજીની પ્રતિમા, ધરમપુર સર્કલ ચાર રસ્તા સ્થિત ડૉ.બાબાસાહેબ આંબેડકરની પ્રતિમા તથા જનતા હાઈસ્કૂલની પાસે સ્થિત આદિવાસીઓના મસિહા બિરસા મૂંડાની પ્રતિમાની સાફ સફાઈ કરી ફૂલનો હાર પહેરાવી તેઓને સાચી શ્રદ્ધાંજલી અપર્ણ કરવામાં આવી હતી, જેનો હેતુ દેશના મહાનુભાવોના સ્મરણાર્થે ભારતનાં વિદ્યાર્થીઓ તેમજ સમાજના નાગરિકો દેશની પ્રગતિ માટે પોતાનુ યોગદાન આપે એ હતો.

૧૪. તા.૩૦/૦૩/૨૦૨૧ને મંગળવારના રોજ રાષ્ટ્રીય સેવા યોજના (N.S.S.) અને સેવા સમુદાય ધારાના સંયુક્ત ઉપક્રમે આચાર્યશ્રી ડૉ. એસ. એમ. પટેલના અધ્યક્ષપણા હેઠળ અત્રેની કૉલેજમાં છેલ્લા પાંચ વર્ષથી N.S.S.પ્રોગ્રામ ઓફિસર તરીકે ફરજ બજાવતા કોમર્સ વિભાગના પ્રા. સુનિલભાઈ એમ. જાદવ તથા સંસ્કૃત વિષયમાં ફરજ બજાવતા નવનિયુક્ત પ્રોગ્રામ ઓફિસર પ્રા. યોગેશકુમાર એન. ટંડેલ અને ગુજરાતી વિષયમાં ફરજ બજાવતા પ્રા. જમનાબેન પટેલના માર્ગદર્શન હેઠળ કૉલેજ કેમ્પસના પટાંગણમાં *"એક દિવસીય વાર્ષિક ખાસ શિબિર"* નું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સ્વચ્છ ભારત મિશન અંતર્ગત કૉલેજ બિલ્ડીંગ, હોસ્ટેલ બિલ્ડીંગ, કૉલેજ કેન્ટીન, પાર્કિંગ, સર્કલ, સોલાર પેનલ, બાગ-બગીચા તેમજ કૉલેજ કેમ્પસની સફાઈનું અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું, જેનો હેતુ વિદ્યાર્થીઓ પોતાના અનુભવમાંથી શ્રમ અને સેવાની પ્રેરણા મેળવી કુટુંબ, સમાજ અને રાષ્ટ્રને ઉપયોગી નીવડે એ હતો.

## શૈક્ષણિક વર્ષ : ૨૦૨૦-૨૧ દરમિયાન રાષ્ટ્રીય સેવા યોજનામાં શ્રેષ્ઠ કામગીરી કરનાર વોલન્ટીયર્સની યાદી


| ક્રમ | વર્ગ | વિદ્યાર્થીઓનું નામ |
|---|---|---|
| ૧ | ટી.વાય. બી. કોમ. | પટેલ જયકુમાર બળવંતરાય (Pre. R. D. Selected Volunteers) |
| ૨ | ટી.વાય. બી.એ. | પટેલ દમયંતિબેન મનહરભાઇ (Pre. R. D. Selected Volunteers) |
| ૩ | ટી.વાય. બી.એ. | પટેલ ભૂમિકાબેન મનહરભાઇ |
| ૪ | ટી.વાય. બી.એ. | પટેલ જિનલકુમારી અમૃતભાઇ |
| ૫ | ટી.વાય. બી.એ. | પટેલ ફાલ્ગુની ભરતભાઇ |
| ૬ | ટી.વાય. બી.એ. | પટેલ વિભુતિકુમારી કેતનભાઈ |
| ૭ | ટી.વાય. બી.એ. | પટેલ તેજલકુમારી કાંતિભાઈ |
| ૮ | ટી.વાય. બી.એ. | પટેલ ભાવિનીબેન રવજીભાઈ |
| ૯ | ટી.વાય. બી.એ. | પટેલ અંકિતા ધીરુભાઈ |
| ૮ | ટી.વાય. બી. કોમ. | પટેલ કૃણાલકુમાર યોગેશભાઈ |
| ૯ | ટી.વાય. બી. કોમ. | ચાંપાનેરી હાર્દિક છગનભાઇ |
| ૧૦ | ટી.વાય. બી. કોમ. | પટેલ અંકિતકુમાર અનિલભાઈ |

## તા.૧૪-૦૯-૨૦૨૦ ના રોજ એન. એસ. એસ. અંતર્ગત વિશ્વ અંધજન દિવસની ઉજવણી નિમિત્તે યથા શક્તિ ફાળો એકત્રિત કરવામાં આવ્યો




વિશ્વ અંધજન દિવસની નિમિત્તે ફાળો આપતા આચાર્યશ્રી ડૉ.એસ.એમ પટેલ તેમજ અધ્યાપકો

તા.૦૧/૧૦/૨૦૨૦ના રોજસ 'ગાંધીજી અને ગ્રામ સ્વરાજ' વિષય પર વ્યાખ્યાન આપતા પ્રા. હસમુખભાઈ જી. દેસાઈ



## તા.૦૨/૧૦/૨૦૨૦ના રોજ ગાંધી જયંતીનિમિત્તે ઓનલાઈન ભજન કાર્યક્રમ




ઓનલાઈન ભજન કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પાડતા આચાર્યશ્રી ડૉ.એસ.એમ પટેલ તથા કાર્યક્રમમાં જોડાયેલ અધ્યાપકો અને વિદ્યાર્થીઓ

તા.૨૦/૧૧/૨૦૨૦ થી તા.૨૯/૧૧/૨૦૨૦ સુધી હૈદરાબાદ ખાતે આયોજિત પ્રિ – રિપબ્લિક ડે પરેડમાં N.S.S. સ્વયંસેવિકા કુ. દમયંતિ પટેલ સહભાગી બન્યા.





















પ્રિ – રિપબ્લિક ડે પરેડમાં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ લઈ કોલેજ તેમજ યુનિવર્સિટી તેમજ ગુજરાતનું ગૌરવ વધારતા N.S.S. સ્વયંસેવિકા કુ. દમયંતિ પટેલ.